**અગ્રતા ક્રમાંક : ૮ પ્રશ્ન ક્ર: ૧૫/૪/૫૯૫**

**મુળ LAQ પૂછનાર માન.ધા.સ.શ્રી. – શ્રી શૈલેષભાઈ સુમનભાઈ ભાભોર(લીમખેડા)**

**"દાહોદ જિલ્લામાં કાર્યરત જિલ્લા રમત સંકુલ"**

**પૂરક પ્રશ્ન પૂછનાર માન.ધારાસભ્યશ્રી:– શ્રી કનૈયાલાલ કિશોરી, દાહોદ**

**પૂરક પ્રશ્ન (૨):** બાળકોને શાળા કક્ષાએથી રમતગમતની તાલીમ મળે તે માટે વિભાગમાં કોઇ યોજના અમલમાં છે કે કેમ? હા, તો કઇ યોજના છે અને તે કયારે અમલમાં આવેલ છે? તેમાં રાજયમાં કુલ કેટલી શાળાઓ કાર્યરત છે? તેમાં કેટલી રમતોનો સમાવેશ કરવામાં આવેલ છે? અને તેમાં હાલ કેટલા ખેલાડીઓ આ યોજનાનો લાભ મેળવી રહ્યા છે?

જવાબ:– માન. અધ્યક્ષશ્રી,

હા,

- બાળકોને શાળા કક્ષાએથી રમતગમતની તાલીમ મળે તે માટે રાજય સરકાર દ્વારા ઇનસ્કૂલ યોજના વર્ષ ૨૦૧૪–૧૫ થી શરૂ કરવામાં આવેલ છે.
- આ યોજના હેઠળ રાજયમાં કુલ **૨૩૧ ઇનસ્કુલ શાળાઓ** કાર્યરત છે.
- રાજય સરકાર દ્વારા અમલી ઇનસ્કૂલ યોજના અંતર્ગત **૨૧ રમતોનો** સમાવેશ કરવામાં આવેલ.
- હાલ, ઇનસ્કૂલ યોજના અંતર્ગત **૧,૨૦,૯૬૦ ખેલાડીઓ** આ યોજનાનો લાભ મેળવી રહેલ છે.

**યોજના દ્વારા શાળાને મળતા લાભો નીચે પ્રમાણે છે:**

- સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાત દ્વારા શાળાને મહત્તમ ૨ (બે) રમતના ટ્રેનર વિનામૂલ્યે તાલીમ
- નોન–કન્ઝ્યુમેબલ સાધનો અને ફીઝીકલ એજ્યુકેશનને લગતા સાધનો આપવામાં આવે છે.
- વિદ્યાર્થીઓને ઘનિષ્ઠ તાલીમ
- શાળામાં રમતને લગતો અભ્યાસક્રમ
- ઇનસ્કુલ યોજનામાંથી ટેલેન્ટ આઇડેન્ટીફીકેશન કરી ડી.એલ.એસ.એસ. યોજનામાં પ્રવેશ આપવામાં આવે છે.